પર્યાવરણ

પગલું - ૩



ચિત્ર જોઈને ટપકાઓને જોડીને ચિત્ર બનાવો અને તેમા રંગ પૂરો.



પર્યાવરણ ૩

પગલું - ૩

bhasha

Samāgata
Foundation

પર્યાવરણ ૩ - પગલું- ૩

સંપાદન

જગદીશ મકવાણા, સંજય રાઠવા, પ્રવિણ પટેલિયા, નિતેશ રાઠવા, વનિતા વડવી, ગોપસિંગ રાઠવા, અર્જુન રાઠવા.

ભાષા સંશોધન અને પ્રકાશન કેંદ્ર
ચિત્રકાર : નિતેશ રાઠવા, નજરુ રાઠવા, મેહુલ રાઠવા
અક્ષરાંકન : સંજય રાઠવા
બુક ડિજાઈન : સંજય રાઠવા
સલાહકાર : ડૉ.મદન મીણા
નિર્માણ, સંયોજન, અને આયોજન : પિયુષ શેખસારીયા, સુધીર જૉન હોરો, વસંત રાઠવા,

પ્રકાશક : ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર, ૩, પરિચય પાર્ક, મહારાણા પ્રતાપસિંહ સર્કલ પાસે દિવાળીપુરા- જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦ ૦૦૭, ગુજરાત
ફોન નં. : ૯૮૭૯૭૨૬૪૪૧

ઈ-મેઈલ : bhasharesearch@gmail.com
વેબસાઈટ : www.bhasharesearch.org

આ પુસ્તકના પ્રકાશન માટે સમાગતા ફાઉન્ડેશન તરફથી અનુદાન મળેલ છે.

મુદ્રક: શિવમ્ ઑફસેટ, વડોદરા

અનુક્રમણિકા

એકમ		પાન નં.
	અગ્રલેખ	iii
	પ્રસ્તાવના	iv
	આમુખ	v
૧.	મારું ઘર	૨ - ૬
૨.	ખોરાક	૭ - ૧૩
૩.	પહેરવેશ	૧૪ - ૧૭
૪.	વનસ્પતિ	૧૮ - ૨૩
૫.	પાલતું અને જંગલી પ્રાણીઓ	૨૪ - ૩૦
૬.	તહેવાર	૩૧ - ૩૯
૭.	કારીગર	૩૬ - ૩૯
૮.	આદિવાસી સમાજ અને પર્યાવરણ	૪૦ - ૪૫
૯.	આકાશ પૃથ્વી	૪૬ - ૫૦

અગ્રલેખ

ભારતમાં આદિવાસી સમુદાયો મોટા પ્રમાણમાં વસે છે. આદિવાસી બાળકોનું ભણતર એ એક મોટી રાષ્ટ્રીય જરૂરિયાત છે. આજના બદલાઈ રહેલા સમયમાં પારંપરિક સમાજનું ઈજ્જત સાથે જીવવું ઔપચારિક શિક્ષણ વગર શક્ય નથી. શિક્ષણના વ્યાપ માટે જરૂરી છે શાળાઓનું હોવું, વ્યવસ્થિત તાલીમ સાથે સજ્જ સારા શિક્ષકોનું હોવું. ભૂતકાળમાં આદિવાસી ગામોમાં શાળાઓ શરુ કરવાના પ્રયાસો થયેલા છે. શિક્ષકોને તૈયાર કરવાના તેમજ તેમને આદિવાસી બાળકોની જરૂરિયાતો વિષે સભાન કરવાના પ્રયત્નો પણ ભૂતકાળમાં હાથ ધરાયેલા છે. આ તમામ દ્વારા શિક્ષણના સાચા હેતુને આગળ લાવવામાં મદદ થઈ છે. છતાંય પરિણામ જોઈએ એવું નથી આવ્યું. ગામડાંઓમાં આદિવાસી બાળકોના ભણતરનાં પરિણામો અને શહેરના બાળકોના ભણતર વચ્ચે એક મોટું અંતર હજુ પણ છે.

ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર અને આદિવાસી અકાદમીમાં આ વિષય પર ગંભીરતાથી શોધ કરાતી રહી છે. એ શોધના તારણોમાં કોઈ સૌથી મહત્વનો મુદ્દો આગળ તરી આવ્યો હોય તો બાળકોને પોતાની ભાષામાં મળતા શિક્ષણના અભાવનો. સમગ્ર વિશ્વના નિષ્ણાંતોના મતે માતૃભાષામાં થતા શિક્ષણને શ્રેષ્ઠ શિક્ષણ માનવામાં આવે છે. દરેક વ્યક્તિ માટે પોતાની ભાષામાં શીખવું સરળ લાગતું હોય છે. આ દિશામાં સૌથી મોટી મુશ્કેલી હતી કે રાઠવા આદિવાસી બાળકોની ભાષામાં પાઠ્યપુસ્તકો મળતાં નથી.

તેથી એમ નક્કી કરવામાં આવ્યું કે રાઠવા આદિવાસીઓની માતૃભાષામાં પહેલા અને બીજા ધોરણ માટે પાઠ્ય-પુસ્તકો તૈયાર કરવામાં આવે. આ કામ કંઈ સરળ નહોતું. શાળાનું પુસ્તક તૈયાર કરવું એ ખૂબ કાળજી, વિચાર, અને આયોજન માગી લે એવું કામ છે. પુસ્તકો એ બાળકોના મન માટે સૌથી અસરકારક દવા છે. પણ એ દવા સરળતાથી ગળાની નીચે ઉતરે એ પણ એટલું જ જરૂરી છે. દવાની જેમ આ પુસ્તકો પણ દેખાવ અને સ્વાદ બંનેમાં આકર્ષક હોવા જોઈએ અને સમજવામાં સરળ. સાથે સાથે એમાંથી બાળકોને નવું કૌશલ પણ હાંસલ થવું જોઈએ. વાંચન, લેખન, અને સમજણના કૌશલ્યો વિકસાવવા અધરાં છે. પણ એક સારું પુસ્તક આ બધાં કૌશલ્યોને પ્રમાણમાં સરળ બનાવી શકે છે. એક સારા શિક્ષક તેમને આત્મસાત કરવામાં મદદરૂપ થઈ શકે છે અને એક સારા શિક્ષકના હાથમાં એક સારું પુસ્તક હોય તો આ આખી પ્રક્રિયા ખૂબ લાભદાયી નીવડી શકે છે.

આદિવાસી અકાદમીના નિષ્ણાંતોએ બનાવેલા પાઠ્યપુસ્તકોએ આ તમામ પાસાંઓનું ધ્યાન રાખ્યું છે. એક સારા શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષણ આપવા માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી આ પુસ્તકોની રચના થઈ છે. જે બાળકોને શિક્ષણ આપવાનું છે તેમની માનસિક ક્ષમતાને કેન્દ્રમાં રાખીને આ પુસ્તકો બનાવવામાં આવ્યા છે. આ પુસ્તકો એ શરૂઆત છે. જો આ પહેલ સફળ રહી તો આવાં ઘણાં પુસ્તકો ગુજરાતની વિવિધ આદિવાસી ભાષાઓમાં બનાવી શકાશે. આપણા ભારતમાં કોઈ વ્યક્તિ પાછળ ના રહી જવું જોઈએ. ભવિષ્ય સૌનું ઉજ્જવળ હોવું જોઈએ. એ સપનાંને સાકાર કરવા માતૃભાષામાં કેળવણીનું ઘણું મહત્વ છે.

મને ખાતરી છે કે ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર અને આદિવાસી અકાદમીની આ પહેલથી આદિવાસી શિક્ષણમાં એક નવા યુગના અેંધાણ વરતાશે.

ગણેશ દેવી

પ્રસ્તાવના

'રાઠવી ભાષા' પૂરકશિક્ષણ સામગ્રી એ એગ્રિકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા અને ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્રનો સંયુક્ત પ્રોજેક્ટ છે. રાઠવી ભાષા ગુજરાતની પૂર્વ પટ્ટીના છેવાડાના છોટાઉદેપુર જિલ્લામાં બોલાતી ભાષા છે. આ ક્ષેત્રને 'રાઠ' વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. અહીંયા રાઠવી ભાષા સૌથી વધુ બોલાતી ભાષા છે. બાળકોના શિક્ષણ માટે આદિવાસી સાહિત્ય ન હોવાના બરાબર છે. જેથી બાળકો પોતાની માતૃભાષાના શિક્ષણથી વંચિત રહી જાય છે. પાયાના શિક્ષણમાં માતૃભાષામાં શિક્ષણ ન મળવાથી બાળકો શરૂઆતમાં જ શાળામાંથી ડ્રોપઆઉટ થવા લાગે છે. આ શાળામાં આવતા શિક્ષકો સ્થાનીય ભાષાથી અપરિચિત હોય છે જેથી બાળકોના શીખવાના રસને જાળવવામાં અસમર્થ બને છે. બાળક ધીમે ધીમે શાળામાં આવતું બંધ થાય છે આવા સંજોગોમાં આ પૂરક શિક્ષણ સામગ્રી બાળકો માટે અને શિક્ષકો માટે એક સ્થાનીય માર્ગદર્શકના રૂપે માર્ગદર્શન આપશે.

આ પુસ્તકની કલ્પના માટે વિવિધ ખ્યાતનામ વ્યક્તિઓના સમૂહ મળીને પુસ્તકની કલ્પના કરવામાં આવી જેમાં વિવિધ પાસાંઓની ચર્ચા કરવામાં આવી. સામગ્રીને આકર્ષક બનાવવા માટે સ્થાનિક અભ્યાસક્રમનાં ગીતો, વાર્તાઓ, કલા-હસ્તકલા અને પર્યાવરણ વગેરેનો ઉમેરો કર્યો છે. જ્યાં તેઓ તેમની કલ્પના અને સર્જનાત્મકતાને પાંખો આપી શકે છે. આદિવાસી સમુદાયો બહુભાષી છે. જેની સાથે વ્યક્તિએ સ્વપ્ન જોયાં, અનુમાન કર્યું, દલીલ કરી અને પોતાની ઓળખ શોધી કાઢી આ પુસ્તક દ્વારા બાળકોની માતૃભાષાની સમજણને વધારે મજબૂતાઈથી શિક્ષણ સાથે જોડવાની પહેલ કરવામાં આવી છે. આશા રાખીએ કે આ પુસ્તક બાળકો સાથે જોડાયેલા બાળ સાહિત્યકાર અને માતૃભાષા પ્રેમીને પ્રેરણાદાયક નીવડે.

શિક્ષણતજજ્ઞો, ભાષા કેન્દ્રના સંશોધકોની ટીમ અને બાળકોના શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોએ આ રાઠવી ભાષા પૂરકશિક્ષણ સામગ્રી બનાવવા માટે એક વર્ષથી સાથે મળીને અનેક વાર કાર્યશાળાઓ અને ચર્ચા કરીને સાથે કામ કર્યું છે. ખૂબ આનંદ થાય છે કે અમે અધિકૃત આદિવાસી ચિત્રો સાથે રાઠવી ભાષા પૂરકશિક્ષણ સામગ્રી તૈયાર કરી. સમગ્ર ડિઝાઈનને વ્યાવસાયિક રૂપ આપવા માટે આદિવાસી અકાદમીના નિયામકનો સહયોગ ખુબ રહ્યો. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા નિષ્ણાતો, વિદ્વાનો, કલાકારો અને ટાઈપસેટર્સ, બુક ડિઝાઈનરનો આભાર માનું છું કે તેમણે આ કાર્યનું પ્રકાશન શક્ય બનાવ્યું. 'ભાષા તેરી મેરી' પ્રોજેક્ટની કલ્પના અને એને વાસ્તવિકતામાં લાવવા માટે પ્રોજેક્ટ ટીમની આગેવાની સાથે આ કાર્યને સફળ બનાવ્યું. સંસ્થા દ્વારા ચોક્કસાઈ રાખવાની પૂરતી કાળજી રાખવામાં આવી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનારનાં સૂચનો આવકાર્ય છે.

વસંત રાઠવા

આમુખ

ધરતી એક શિક્ષક તરીકે: આદિવાસી જ્ઞાન પરંપરા અને પર્યાવરણમાંથી શીખવું

શિક્ષણ ત્યારે અર્થપૂર્ણ બને છે, જ્યારે તેની શરૂઆત બાળક પહેલેથી ઓળખતું હોય તે દુનિયાથી થાય.

વસંતશાળામાં આ દુનિયા વર્ગખંડની દીવાલો સુધી મર્યાદિત નથી. તેમાં શાળાનું આંગણું અને ઓસરીઓ, આદિવાસી અકાદમીના પરિસરના વૃક્ષો અને પક્ષીઓ, નજીકનો ઝરો અને તળાવ, કોરાજ ડુંગર, બદલાતી ઋતુઓ અને બાળકો પોતાના ઘર તથા સમુદાયમાંથી સાથે લાવતા કિસ્સાઓ, ગીતો, ભાષાઓ અને પર્યાવરણ વિશેનું જ્ઞાન સામેલ છે. શાળાનું આ વિશિષ્ટ સ્થાન બાળકોના જીવનના અનુભવ, સ્થાનિક પરિસર અને તેમની પોતાની સાંસ્કૃતિક દુનિયા સાથે જોડાયેલી શિક્ષણ પદ્ધતિ વિકસાવવાની ઉત્તમ તક આપે છે.

આદિવાસી અકાદમી હંમેશાં માને છે કે આદિવાસી જ્ઞાન માત્ર ભૂતકાળના ભાગ તરીકે નોંધવાનું જ્ઞાન નથી. તે જીવંત છે અને સમય સાથે વિકસતું રહે છે. તે ભાષામાં, નિરીક્ષણમાં, સ્મૃતિમાં, જીવનપદ્ધતિમાં અને ધરતી સાથેના સંબંધોમાં જીવતું રહે છે. તેથી વસંતશાળામાં આવતાં બાળકો ખાલી વાસણ નથી, જેને શિક્ષકે જ્ઞાનથી ભરવાનું હોય. તેઓ પહેલેથી જ ધ્યાનથી જોનારા, વાર્તા કહેનારા, વસ્તુઓ બનાવનારા અને જટિલ સામાજિક તથા પર્યાવરણીય જીવનમાં ભાગ લેનારા છે.

શિક્ષણ સામેનો મુખ્ય પડકાર એ છે કે બાળકો પાસે રહેલા આ જ્ઞાનને ઓળખવામાં આવે અને તેને શાળાના ઔપચારિક અભ્યાસક્રમ સાથે અર્થપૂર્ણ રીતે જોડવામાં આવે.

વસંતશાળાનો પ્રકૃતિ શિક્ષણ કાર્યક્રમ આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ કાર્યક્રમ વર્ગખંડના અભ્યાસને પ્રકૃતિના સીધા અનુભવ સાથે જોડે છે. તેમાં પ્રકૃતિભ્રમણ, રમતો, પુસ્તકો, ક્ષેત્ર માર્ગદર્શિકાઓ, નિરીક્ષણની પ્રવૃત્તિઓ અને સરળ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. બાળકોને માત્ર પક્ષીઓ, જીવજંતુઓ, છોડ અને પ્રાણીઓને ઓળખવાનું જ નહીં, પરંતુ પ્રશ્નો પૂછવાનું, સરખામણી કરવાનું, ઋતુઓ પ્રમાણે થતા ફેરફારો નોંધવાનું અને પોતાના નિરીક્ષણો એકબીજા સાથે વહેંચવાનું પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. ખાસ આનંદની વાત એ છે કે બાળકો હવે કેટલીક પ્રવૃત્તિઓ પોતે જ ચલાવવા લાગ્યાં છે. આ રીતે શીખવાની પ્રક્રિયા સામૂહિક અને સહભાગી બની રહી છે.

આ કાર્યક્રમ રાઠવા જીવનદૃષ્ટિ અને નજીકના અન્ય આદિવાસી સમુદાયોના જ્ઞાનને પણ શિક્ષણમાં સામેલ કરવાનો પ્રયાસ કરે છે. ખોરાક, રોજગાર અને જીવનનિર્વાહ, જંગલો, છોડ, પ્રાણીઓ, પક્ષીઓ, ઋતુઆધારિત તહેવારો, ગીતો, હસ્તકળાઓ તેમજ ધરતી અને આકાશ સાથેના સંબંધો જેવા વિષયો બાળકોને પોતાના જીવનને શિક્ષણમાં ઓળખવામાં મદદ કરી શકે છે. તેથી સૂચિત અભ્યાસક્રમનો હેતુ માત્ર બાળકોને "પ્રકૃતિ" વિશે શીખવવાનો નથી. તેનો હેતુ એ સમજાવવાનો છે કે પ્રકૃતિ, સંસ્કૃતિ, ભાષા અને સમુદાય એકબીજા સાથે ઊંડે જોડાયેલા છે.

આ પહેલની બીજી એક મહત્ત્વપૂર્ણ શક્તિ શિક્ષકો પર મૂકવામાં આવેલું ધ્યાન છે. લાંબા સમય સુધી ચાલે તેવો પ્રકૃતિ શિક્ષણ કાર્યક્રમ માત્ર બહારથી ક્યારેક આવતા નિષ્ણાતો પર આધારિત રહી શકે નહીં. ધીમે ધીમે તે શાળાની રોજિંદી સંસ્કૃતિનો ભાગ બનવો જોઈએ. તેથી શિક્ષકો માટે માર્ગદર્શન, સતત સહયોગ, અન્ય સ્થળોની અભ્યાસ મુલાકાતો અને યોગ્ય શિક્ષણ સામગ્રીની ઉપલબ્ધતા કાર્યક્રમ માટે અત્યંત જરૂરી છે. વસંતશાળાના શિક્ષકો માત્ર તૈયાર કરેલો અભ્યાસક્રમ અમલમાં મૂકી રહ્યા નથી. તેઓ તેના નિર્માણમાં ભાગ લઈ રહ્યા છે અને વિદ્યાર્થીઓના અનુભવ, ભાષા તથા સ્થાનિક પરિસરને ધ્યાનમાં રાખીને તેમાં જરૂરી ફેરફારો પણ કરી રહ્યા છે.

વડીલો, સ્થાનિક જ્ઞાન ધરાવતા લોકો, શિક્ષણવિદો અને વિવિધ સંસ્થાઓની ભાગીદારી આ પ્રક્રિયાને વધુ સમૃદ્ધ બનાવી શકે છે. છોડ અને પ્રાણીઓનાં સ્થાનિક નામો, લોકકથાઓ, ગીતો, કવિતાઓ, છોડના ઉપયોગો અને ઋતુઓ સાથે જોડાયેલું જ્ઞાન નોંધવાથી ભવિષ્યમાં સમુદાયની અંદરથી જ તૈયાર થયેલી શિક્ષણ સામગ્રી વિકસાવી શકાય છે. આવી સામગ્રી માત્ર વસંતશાળાના બાળકોને જ ઉપયોગી નહીં બને, પરંતુ આદિવાસી બાળકો માટે તેમની સંસ્કૃતિ અને જીવન સાથે જોડાયેલા શિક્ષણ અંગેની વિશાળ ચર્ચામાં પણ યોગદાન આપી શકે છે.

આ પ્રોજેક્ટના શરૂઆતના તબક્કામાં તેને આગળ વધારવા, પ્રોત્સાહિત કરવા અને સંભાળવા બદલ હું આદિવાસી અકાદમીના પૂર્વ નિયામક ડૉ. મદન મીણાનો ખાસ આભાર વ્યક્ત કરવા માગું છું. તેમના સહયોગથી સંસ્થાની અંદર એવી જગ્યા અને અનુકૂળ વાતાવરણ ઊભું થયું, જેમાં આ પહેલ વિકસિત થઈ શકી.

આ કાર્યક્રમની સંવેદનશીલતા, પ્રતિબદ્ધતા અને સતત જોડાણ સાથે કલ્પના કરવા અને માર્ગદર્શન આપવા બદલ હું પીયૂષ સેખસરિયાનો પણ આભાર વ્યક્ત કરું છું. વસંતશાળાના શિક્ષકો પ્રત્યે પણ અમે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. બાળકો, સમુદાય અને સ્થાનિક પર્યાવરણ અંગેનું તેમનું જ્ઞાન આ કાર્યક્રમનો મૂળ આધાર રહ્યું છે. નવા પ્રયોગો કરવાની, શીખવાની, નોંધ રાખવાની અને જરૂરી ફેરફારો કરવાની તેમની તૈયારીને કારણે આ પ્રોજેક્ટ માત્ર બહારથી આવેલો કાર્યક્રમ ન રહેતાં સૌની સહભાગિતાથી ચાલતી શિક્ષણ પ્રક્રિયા બની શક્યો છે.

આદિવાસી અકાદમીના સહકર્મીઓ અને કર્મચારીઓના યોગદાનને પણ હૃદયપૂર્વક સ્વીકારવું જરૂરી છે. ખાસ કરીને આ પુસ્તકનાં ચિત્રો, ડિઝાઈન, પાનાંની ગોઠવણી અને ડેસ્કટોપ પબ્લિશિંગમાં સહયોગ આપનાર તમામ લોકોનો આભાર. તેમના કાર્યથી કાર્યક્રમમાંથી ઊભા થયેલા અનુભવો અને વિચારોને એવી પ્રકાશન સામગ્રીનું સ્વરૂપ મળી શક્યું છે, જેને અન્ય લોકો સાથે વહેંચી શકાય, જેના પર ચર્ચા કરી શકાય અને જેને ભવિષ્યમાં આગળ વધારી શકાય. આ પ્રોજેક્ટને સહયોગ આપવા અને આ વિચારોને વ્યવહારિક સ્વરૂપ આપવામાં મદદ કરવા બદલ અમે સમાગતા ફાઉન્ડેશનના આભારી છીએ.

આ પ્રકાશન અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યનો દસ્તાવેજ છે. સાથે સાથે તે આપણને વિચારવાનું આમંત્રણ પણ આપે છે કે જ્યારે ધરતી, સમુદાય અને બાળકના પોતાના અનુભવને જ્ઞાનના સ્ત્રોત તરીકે માનવામાં આવે, ત્યારે શિક્ષણ કેવું બની શકે.

આ પ્રકાશન આપણને યાદ અપાવે છે કે બાળકોને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે શિક્ષણે તેમને તેમની પોતાની દુનિયાથી અલગ કરવાની જરૂર નથી. તેના બદલે શિક્ષણ તેમને પોતાની દુનિયાને વધુ ઊંડાણથી સમજવામાં, વારસામાં મળેલા જ્ઞાનનું મૂલ્ય ઓળખવામાં અને પરિવર્તનનો આત્મવિશ્વાસપૂર્વક સામનો કરવા માટે જરૂરી સમજ તથા કૌશલ્ય વિકસાવવામાં મદદ કરી શકે છે.

મને આશા છે કે આ પહેલ વસંતશાળા સાથે જોડાયેલા બાળકો, શિક્ષકો, પરિવારો અને સમુદાયોના સહયોગી કાર્યક્રમ તરીકે સતત વિકસતી રહેશે. આ કાર્યક્રમ બાળકોને આસપાસની દુનિયાને ધ્યાનથી જોવા, કાળજીપૂર્વક સાંભળવા, નિર્ભયતાથી પ્રશ્નો પૂછવા અને પોતાની આસપાસના પ્રદેશને માત્ર પર્યાવરણ તરીકે નહીં, પરંતુ પોતાના વર્ગખંડ, પોતાના વારસા અને ભવિષ્ય માટેના જ્ઞાનના સ્ત્રોત તરીકે ઓળખવા માટે પ્રેરણા આપે તેવી મારી શુભેચ્છા છે.

સુધીર જૉન હોરો
માનદ નિયામક
આદિવાસી અકાદમી, તેજગઢ

૧ મારું ઘર

એક સુંદર સવાર સવારમાં ઠંડો પવન વાતો હોય છે. આસપાસ પશુપંખી સુંદર કલરવ કરતા હતા. નદીના ઝરણાંનો, પાણીનો ખળખળ અવાજ આવતો. તેની વચ્ચે થઈને એક રસ્તો જતો હતો. ત્યાં એક ભરવાડ ગાયને ચારતો હતો. તેની નજર આ બાળક પર પડી. તે વિચારવા લાગ્યો અરે? આ કેટલો સુંદર બાળક તૈયાર થઈને નિશાળમાં જાય છે. લાવને પૂંછી લેવા દો. એમ કરીને ત્યાં ભરવાડ પૂંછવા લાગ્યો.

ભરવાડઃ બાળક તારું નામ શું છે?

બાળકઃ મારું નામ મગનીયો છે.

ભરવાડઃ તું કોના ઘરનો છોકરો છે?

બાળકઃ હું ચહેરીયાના ઘરનો છોકરો છું.

ભરવાડઃ ઓહ તું ચેહરીયાનો છોરો.

બાળકઃ હોવે



ભરવાડઃ તારા ઘરમાં કોય કોય છે?
બાળકઃ મારા ઘરમાં બધા છે.
ભરવાડઃ બધા તો છે પણ એક જ ચૂલા પર રાધેલું કોણ કોણ ખાય છે?
બાળકઃ માતા પિતા, ભાઈ બહેન, દાદ દાદી.
ભરવાડઃ આટલા જણા ખાય છે.
બાળકઃ હા દાદા મારે નિશાળનો સમય થઈ ગયો છે હું જાઉં છું. પછી વાત કરીશું.

મગનીયો નિશાળેથી છૂટીને ઘર તરફ આવી રહ્યો છે. એ જ સમયે ભરવાડ પણ ઘેટાં લઈને એજ રસ્તામાં બન્ને ભેગા થાય છે અને સવારનો સમયનો અધૂરો સંવાદ ચાલુ થાય છે.
ભરવાડઃ હે મગનીયા તું ભણીને આવતો રહ્યો?
બાળકઃ હા
ભરવાડઃ સવારે સમય થઈ ગયો હતો એટલે આપણી વાત અધૂરી રહી ગઈ.
બાળકઃ બોલો દાદા કઈ વાત?
ભરવાડઃ તારા પિતાના કેટલા ભાઈ?
બાળકઃ બે ભાઈ
ભરવાડઃ હા આ બન્ને તારા કાકા થાય.
બાળકઃ હા
ભરવાડઃ તારા કાકાના લગ્ન થયેલા છે?
બાળકઃ હા, કોયલાકાકાના લગ્ન થયેલા છે અને રડતીયાકાકાના બાકી છે.
ભરવાડઃ હા, કાયલાકાકાના લગ્ન થઈ ગયા છે. તેમના ઘરવાળી (પત્ની)ને કાકી કહેવાય.
બાળકઃ હે
ભરવાડઃ તમે કેટલા ભાઈ બહેનો છે?
બાળકઃ અમે ત્રણ ભાઈ બહેન છે.
ભરવાડઃ તારા ઘરમાં મોટું કોણ?

બાળકઃ દાદા-દાદી
ભરવાડઃ તારો મામો કયાં ગામનો?
બાળકઃ તેજગઢનો.
ભરવાડઃ મામાના ઘરમાં કોણ કોણ રહે છે?
બાળકઃ નાની યાળી નાનો બાહ, મામા-મામી, માસી-માસા
ભરવાડઃ આ તારા બધા સગાસંબધીઓ કહેવાય?
બાળકઃ અરે દાદા પેલો દિતલો કહેતો હતો કે ફોઈ-ફુવો, માસા-માસી દિવાસાના તહેવારમાં ઘરે આવેલા.
ભરવાડઃ તારા પપ્પાની બહેન તે ફોઈ અને તેનાં ઘરવાળા (પતિ)ને ફુવો કહેવાય અને તારી મમ્મીની બહેન તે માસી અને તેનાં ઘરવાળા (પતિ)ને માસા કહેવાય.
બાળકઃ દાદા મારું ઘર આવી ગયું આવજો.



નીચે આપેલ સંબંધોનું વર્ગીકરણ કરો.

માસી, ફૂવા, કાકા, ફોઈ, દાદા, નાની યાળી, દાદી, નાનો બાહ, ભાઈ કાકી, બહેન, મામા, માસી,

પિતા	માતા
દાદા	નાની યાળી
.....	.....
.....	.....
.....	.....
.....	.....

સંબંધોને ઓળખો.

હું તમારા પપ્પાની મમ્મી છું. .....

હું તમારી મમ્મીની બહેન છું. .....

હું તમારી મમ્મીના પપ્પા છું. .....

હું તમારી મમ્મીની બહેન છું. .....

હું તમારા પપ્પાની બહેન છું. .....

કુટુંબ વૃક્ષ બનાવો (ચિત્ર બનાવુ)



૨ ખોરાક

આદિવાસી વિસ્તાર એ પ્રકૃતિ સાથે જોડાયેલ છે. આ વિસ્તારના લોકો સ્થાનિક અને કુદરતી ખોરાક પર આધાર રાખે છે. તેઓ ખેતી જંગલ અને પશુ પાલનમાંથી મળતો ખોરાકનો ઉપયોગ કરે છે. રાઠવા સમાજના વિસ્તારમાં પહેલેથી નાસ્તો (સવારના પોરમાં) લેતા હતાં. તેના વિશે નીચે લખવામાં આવે છે.

નાસ્તોઃ

સવારે જલદી કામ પર જવા માટે જેમ કે સવારે ૦.૪-૦૦ અથવા ૦.૫-૦૦ વાગે ભેડકું, રાબ, ગોળની ચા સાથે મકાઈનો રોટલો ખાય છે. સાંજે રોટલો વધે તે ચા સાથે મિકસ કરી ખાય છે.

ભેડકું કેવી રીતે બને છે? તેની રીતઃ

સાંજે માટલામાં (હાંડલી)માં પાણી નાંખી ચૂલા પર ગરમ કરી એમાં મકાઈના ભેડકું નાખવામાં આવે છે. થોડું મીઠું નાખી ચમચાથી વારંવાર હલાવવાથી ગઠ્ઠા નહીં બની શકે. તૈયાર થાય પછી અંગારા (વધેર) પર થોડી વાર રાખો. પછી હાડલું ઉતારી લેવામાં આવે છે. પછી ઠંડા પાણી નાંખીને આખી રાત રાખવામાં આવે છે. હાડલાંમાં પછી સવારે પાણી નાંખી ગરમ કરી ખાવામાં આવે છે.



રાઠવા સમાજમાં ઋતુંઓને ધ્યાનમાં રાખીને નાસ્તો બનાવવામાં આવે છે.

(૧) ચોમાસુઃ

આ ઋતુંમાં ખેતરમાં વધારે કામ હોવાથી સવારે રાબડી, ભેડકું ઘેસનું બનાવવામાં આવે છે. લાલ ચોખાના લોટના રોટલો અને ભાજી સાથે ખાવાથી આખો દિવસ ભૂખ નથી લાગતી



(દહનાનો લોટ) આ રોટલો છાશ અને દહીં ચટણી સાથે ખાય છે. પહેલા જેના ઘરે ગાય, ભેસ વધારે હોય તેના ઘરે ઘી બનાવતા હોય ત્યારે છાશ બધા ફળિયાને આપતા હતા. તેથી છાશ સાથે રોટલા સવારે ખાય છે. વરસાદના સમયે વારેઘડી પલાડવા પડે છે. તેથી શરીરમાં ગરમી લાવવા માટે મકાઈની ધાણી તેમજ મહૂડાને શેકીને ખાય છે. મગફળી, ચણા વગેરે તવામાં શેકીને ખાય છે.

ચોમાસાની ઋતુમાં ભાજી જેમ કે ઠિકરીની ભાજી, રવા, પીછોટી, હેડચી, ખટબો, ભીંડી, પાંજનીયો, કરલી, દેવલયો લેમડાની ભાજી, બળખની ભાજી શાકભાજીઓ. ઝમચ્યા, ગલકા, તૂરિયા, દૂધી વગેરે મશરુમ (પૂનો) રાંધવા માટે મકાઈનો લોટ, ચણાનો લોટ તેમજ લીંબુ, છાશ ખાટી, ભીંડી નાંખીને વઘાર કરીને રાંધવામાં આવે છે. તેમાથી પ્રોટીન મળે છે. સાંજે રોટલા સાથે ખાય છે. વાંસનું શાક બનાવવામાં આવે છે.
વરસાદના સમયે ઢોર, ઢાંખર , બકરી વગેરે જંગલમાં ચરાવવા માટે જાય છે. ત્યારે બકરીનું દૂધ કાઢી તેમાં દૂધકડીનો રસ નાંખે ત્યારે દહીં બનાવી મીઠું મરચું નાંખી રોટલા સાથે ખવામાં આવે છે.

શિયાળોઃ

આ ઋતુમાં ઠંડી લાગે છે તેથી ગરમ ખોરાક ખાય છે. જેમ કે મેથીના લાડુ એમાં ગોળ, ઘી, મેથીની બીજ, નાળિયેરનું ખીરું બધુ મિકસ કરીને લાડુ બનાવવાં આવે છે. આ સમાજમાં મેથીના લાડુનું ઘણું મહત્વ છે. ઘરના કુટુંબ માટે ત્રીસ વર્ષથી ઉપરની વ્યકિત માટે આ લાડુ બનાવવામાં આવે છે. સવારે ખાલી પેટે ખાવામાં આવે છે. તેથી

શરીરના ફાયદા થાય છે. બાળકોને આ લાડું નથી ખવડાવતા કારણ કે ગરમ પડે છે. લાડુ દર વર્ષે બનાવવામાં આવે છે. જે વર્ષ લાડુ નહીં બનાવતા તે વર્ષે શરીરમાં પગ પડી જાય છે.



ઠંડીના સમયમાં સવારે નાસ્તામાં રાબડી, ભાત, દૂધ સાથે ઘંઉના પૂડા અને લાલ ચોખાની રાબ ખાય છે. જો ઈડાં ખાતા હોય તો ઈડાંના પૂડાં બનાવી ને ખાય છે. આવા સમયે મકાઈનો વપરાશ ઓછો થાય છે. અને ઘઉં અને લાલ ચોખા વધારે ખાય છે. કારણ કે એમાં વધારે તાકાત મળે છે. ગરમ ખોરાકનો ઉપયોગ કરે છે.

શિયાળામાં ભૂખ વધારે લાગે છે. આ સમયે ફાંગની ભાજી, મેથીની ભાજી, બળખની ભાજી, તાંદલજાની ભાજી, મૂળાની ભાજી રાંધીને ખાવામાં આવે છે.

કંદમૂળઃ

ગાજર, મૂળા, ગેજવો, સુરા શણના ફૂલ, પુવાડિયાની ભાજી શરીર માટે ગુણકારી છે. પુવાડિયાની ભાજી ખાવાથી પેટમાં બળતરા થાય ત્યારે આ ખાવાથી પેટમાં ઠંડક મળે છે.

(૧) ગેજવા કાચા ખાવામાં આવે છે. તેમાંથી કેલ્શિયમ મળે છે.

(૨) હાડકું તૂટી જાય અથવા હાથ પગ દુઃખે ત્યારે હુરા તેમજ ગેજવા ખવડાવામાં આવે છે.

શિયાળાની ઋતુમાં શાકભાજી સારી થાય છે. કોળાનું છોતરા ને સૂકવીને કોઈ પણ ઋતુમાં શાક તરીકે ઉપયોગ કરી શકાય છે.

કોળું અને અડદની દાળની વડી બનાવી સૂકવીને રાંધી ખાય છે.

ઉનાળોઃ



આ વિસ્તારમાં વધારે તાડના ઝાડ હોવાથી સવારના સમયમાં નીરાનો ઉપયોગ કરે છે. જે લોકો નીરાનો ઉપયોગ કરતા નથી તે ગોળની ચા પીએ છે. તે ઉપરાંત નાસ્તામાં મકાઈનું ભેડકું રાબ બનાવીને પીએ છે. અહીના લોકોની મુખ્ય વાનગી અડદના ઢેબરાં છે. જે ગુજરાતભરમાં પ્રખ્યાત છે.

દરેક ઋતુ પ્રમાણે થતાં ફળોનો ઉપયોગ કરવામાં આવે છે. શિયાળામાં બોર, જામફળ. ચોમાસામાં સીતાફળ, આલડા, કોસેબડો, ચીભડાં, ઉનાળામાં તરબૂચ, કેરી, ચાવર, ટીમરું, કંઠારા.



નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.

(૧) ભેડકું શામાંથી બનાવવામાં આવે છે?

.....

.....

(૨) શિયાળામાં કેવા પ્રકારના ખોરાક ખાવા જોએ?

.....

.....

(૩) કઈ ઋતુમાં મેથીના લાડુ ખવાય છે?

.....

.....

(૪) સવારમાં આપણે નાસ્તા તરીકે શાનો ઉપયોગ કરીએ છે?

.....

.....

(૫) અહીના લોકોની મુખ્ય વાનગી કઈ છે?

.....

.....

ઋતું પ્રમાણે ભાજીઓના નામ લખો.

શિયાળો .....

ઉનાળો .....

ચોમાસુ .....

ઋતુ પ્રમાણે ફળોના નામ લખો.

શિયાળો .....

ઉનાળો .....

ચોમાસુ .....

નીચે આપેલા વાકય વાંચી ખરા ખોટાંની નિશાની કરો.

(૧) ભેડકું બનાવા માટે ખાંડનો ઉપયોગ થાય છે.

(૨) ઘેસ બનાવવા માટે જૂઝનો ઉપયોગ થાય છે.

(૩) ઘેસ શહેરના લોકોને ભાવતી નથી.

(૪) ભેડકું અહીના લોકોની પ્રિય વાનગી છે.

(૫) ઘેસ તુવેરમાંથી બને છે.

જોડકા જોડો.

અ	બ
(૧) ઘેસ	(૧) અડદ
(૨) ઢેબરા	(૨) મેથી
(૩) લાડું	(૩) મકાઈ
(૪) મહુડા	

નીચે આપેલા શાકભાજીઓના નામ ઋતુ પ્રમાણે વર્ગીકરણ કરો.
(પૂવાડિયાની ભાજી, રીંગણ, કોબીજ, ગલકા, ફાંગની ભાજી, કંકોડા.)

શિયાળો	ઉનાળો	ચોમાસુ
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....

૩ પહેરવેશ

આદિવાસી સમાજમાં પહેરવેશમાં આગવી ઓળખ છે. જેમાં મોટેભાગે રંગબેરંગી પહેરવેશ વિસ્તાર પ્રમાણે અલગ અલગ પહેરે છે. રાઠવા સમાજના કપડાં બનાવવાનું કામ વણકર સમાજ કરતો હતો. તેવા સમયે ગામે ગામ તેઓ કપડાં લોકોને આપતા હતા. તેના બદલામાં લોકો તેમને અનાજ આપતા હતા. તેથી વણકર અને રાઠવા સમાજ બન્ને એક બીજા સાથે હળવા મળવાનું થતું ત્યારે તેમની વચ્ચે કપડાં વિશેની વાતચિત થતી કેટલીક આદિવાસી સમાજની બહેનો અને ભાઈઓ કસોટા, અંગરખી (ઝૂલડી) ધાધરો, લૂગડું, પાઘડી લાલ, પીળી, લાલા, વાંદળી, કેસરી શર્ટ કાપડી (બહેનો પહેરે) કબજાના રુપમાં પહેરતા ઓઢણી, ધોતિયું પોતડી (ધાધરો).



જયારે વણકર લોકો કપડાં બનાવતા ત્યારે રાઠવા સમાજના બહેનો જોઈને શીખતા કેટલાક બહેનો અને વડીલ લોકો થોડું ઘણું બનાવતા ગયા અને તેમની પાસેથી કોસટા, અંગરખી અને ધાધરા કાપડ લઈ જાતે સીવીને બનાવતા હતા.

બહેનો અંગરખી બનાવતી વખતે કમરના ભાગે ગોળાકારમાં ડબલ કાપડ લઈને પૂરી નીચેની પટ્ટી શિવતા હતા. એક ખિસ્સો (ગજવો) રાખતાં હતા. આ બન્નેનો ઉપયોગ પૈસા અંદર રાખવા માટે કરતા હતા જેથી કરીને કોઈ ચોરને કે બીજા વ્યકિતને અંદર પૈસા છે. એવી ખબર ન પડે એટલે આગળના ભાગથી રુપિયાની નોટો અંદર મૂકતા અને તેને ધીરેધીરે ખોસાડીને કમરના પાછળના ભાગે રાખતા હતા.

આજથી ૧૦ વર્ષ પહેલા મોટા ભાગે કસોટા પહેરતા હતા. એના પછી રુમાલ પછી પોતડી હવે બદલાવ થયો એમા પેન્ટ પહેરે છે.
હાલમાં પણ કાપડની વણાંટકામ ચાલે છે. પણ એમાં જૂની પદ્ધતિ કરતા હવે નવી ડિઝાઈન બનાવવામાં આવે છે. કસોટાની ડિઝાઈન તેની તે જ છે. પણ અલગ અલગ નવી ડિઝાઈન કરે છે. તેનું વેચાણ થાય છે.

પહેરવેશની સાથે સાથે આભૂષણો પહેરે છે. જેમાં પુરુષો ભોરીયો, વીંટી, ચાંદીનો દોરો, કકરીઓ પહેરે છે. અને સ્ત્રીઓ જેડ અને બિલ્લા, હાસડી, હોકરું, કડા, વીંટી, કંદોરો, કલ્લા, સળા, અંગુઠી જેવા ઘરેણાં પહેરે છે. શરીરની શોભા માટે છુંદણા સ્ત્રી-પુરુષો પડાવતા હતા.

નીચે આપેલા **પ્રશ્નો**ના જવાબ લખો.

(૧) સ્ત્રીઓ કયા કયા ઘરેણાં પહેરે છે?

.....

.....

(૨) પુરુષો કયા કયા ઘરેણાં પહેરે છે?

.....

.....

(૩) શરીરની શોભા માટે શું પડાવતાં હતા?

.....

.....

નીચે આપેલા પહેરવેશની જોડી બનાવો.





ધોતી



ખમીસ



પાઘડી



કસોટો



ઝબલુ કબજો



રુમાલ



ઘાઘરો, ઓઠણી

૪ વનસ્પતિ

આપણી આસપાસ અનેક પ્રકારની વનસ્પતિઓ જોવા મળે છે. વનસ્પતિએ પર્યાવરણનો મહત્વનો ભાગ છે. તમામ જીવ સૃષ્ટિ માટે જરુરી છે. વનસ્પતિ એટલે ઘાસ, છોડ, ઝાડ, વેલાને કહેવામાં આવે છે.

આપણા રાઠવા વિસ્તારમાં ઘણી બધી વનસ્પતિ જોવા મળે છે. જેમ કે, મહૂડો, તાડ, સિંધી, ખાખર, કોહીબંડો, કુસુમ, સૂરણનો છોડ, પિછોટીની ભાજી, આંકડો, પાનફૂટી, પોપટી છોડ, ખાટી ભીંડી, ચાવર, બેહડો, સીસમ, થાવર, તાડ જયારથી ઉગે છે. ત્યારથી ઉપયોગી છે. શરુઆતમાં પાનમાંથી સાદડી, પંખો, ઘરની છત બનાવે છે. તાડ મોટો થાય ત્યારે તાડનો નીરો બને છે. નીરો અને તાડફળીનું વેચાણ કરીને આજીવીકા મેળવી શકે છે. ઠાબુ તાડનું ગેડુ હુટીયુ તાડના થડ માંથી બનાવેલું ઓળો બનાવામાં આવે છે.

દોરડું, દોરી હુટીયું, ઊડેન તાડનું લાકડાનું બે ફાળ બનાવી પાણી ખેતરમાં લઈ જાય છે. ઓળો, હમાર અને જે લાકડા બાકી રહે છે. તે ઈંટના ભઠ્ઠીમાં ઉપયોગ કરે છે. તાડના રસ ગોળ બનાવે છે.

તાડમાંથી ઘળિયાળ, વીંટી, માછલી પાનમાંથી બાળકો બનાવે છે.
તાડ ઔષધિય ગુણઃ તાડફળી (ગિલોરી) તાળફળી ખાવાથી પેટમાં ઠંડક થાય છે.
ગળોઃ ગરવેલ (કમળા છોટી) જેને કમળો , કમળી થાય ત્યારે તેનો રસ પીવાથી સારું થઈ જાય છે.

મરડાશીંગઃ

મરડાશીંગની દવા બને છે. કોઈને ઝાડા થતા હોય તો તેને પાણીમાં પલાડીને

પીવાથી ઝાડા બંધ થાય છે.

મહૂડોઃ

મહૂડો એ અહીના વિસ્તારનું કલ્પવૃક્ષ છે. છોટાઉદેપુર જિલ્લાના ગામડાઓમાં ઘણા બધા મહૂડાના ઝાડ આવેલા છે. જે રાઠવા સમાજને ખૂબ ઉપયોગી થાય છે. જેમ કે જયારે માર્ચ મહિનાથી મે મહિના સુધી મહૂડા પડે છે. તે લોકો વીણીને સૂકવી ભેગા કરી વેચાણ કરે છે. તેનો સારો એવો ભાવ મળે છે. અને કેટલાક લોકો તેને ખાવા તરીકે ઉપયોગ કરે છે. ત્યારબાદ તેના પર ફળ લાગે છે. તેને ડોળી કહેવાય છે. તેની પાકેલી છાલને બાળકો ખાય છે. ડોળીમાંથી તેલ પણ બનાવવામાં આવે છે. આમ મહૂડો આદિવાસી સમાજમાં મહૂડો જીવાદોરી સમાન છે.

લીમડો, મહુડો, ગુંદી, બાવળ, ખાખર, સરગવો, સાગ, આંબલી, બોર, વડ, પીપળો, આંબો, નાળિયેરી, લીંબી, લીમડો,, નીલગીરી, ચંદન, મહેંદી, ચીકી, ઘાસ, સિંધી, તાડ, બદામ, કાજુ, ગુલમહોર, આસોપાલવ, જામફળ, ઓળો, સિમડો, ગોરસઆંબલી, કોઠુમાંડો, અર્જુનસાદળ.



છોડ-પાનકુટી, ટામેટું, તુવેર, ગુલાબ, ગલગોટ, મોગરો, ડમરો, તુલસી, બારમાસી, વાલર, તરબૂચ, દૂધી, કારેલા, કાકડી,

નીચે આપેલાં વનસ્પતિના પ્રકાર પ્રમાણે વર્ગીકરણ કરો.

છોડ	વેલા	વૃક્ષ
તુલસી	કંકોડા	મહૂડો
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....
.....	.....	.....



વનસ્પતિના ભાગના ચિત્રો મુકો.

મૂળ



પ્રકાંડ



ફૂલ



પર્ણ (પાન)



© dak

ફળ



મોડ્યુલના પાનાનં. ૧૩નો આધાર લીધો છે.

નીચેના આપેલા વનસ્પતિના ભાગના કાર્યો લખો.

(૧) પર્ણ .....

.....

.....

.....

(૨) મૂળ .....

.....

.....

.....

(૩) ફૂલ .....

.....

.....

.....

૫ પાલતુ અને જંગલી જાનવરો

આપણી આસપાસમાં સજીવસૃષ્ટિ જોવો મળે છે. તેમા વનસ્પતિ, જીવજંતુઓ અને પ્રાણીઓ જોવા મળે છે. પ્રાણીઓમાં ખાસ કરીને પાલતુ પ્રાણીઓ અને જંગલી પ્રાણીઓ જોવા મળે છે. તમામ જીવો પ્રત્યે દયા, પ્રેમ, કરુણા રાખવી એ આપણા પર્યાવરણીયો સમતોલ માટે ખૂબ જરુરી છે.

(૧) ગાય

આપણો દેશ મોટાંભાગે ખેતી પ્રધાન આધારીત દેશ છે. આપણા ગામડાઓ ડુંગરો, પહાડો, નદી, તળાવો, જળાશયો, જંગલો અને સપાટ જમીન ધરાવતો વિસ્તારો જોવા મળે છે મુખ્ય ખેતીકામ અને પશુ-પ્રાણીઓ આધારિત જીવન જીવે છે. તેમાં મુખ્ય ગામડાનાં ખેડૂતો ગાયનું પાલન-પોષણ કરે છે. ગાય ખેડૂત માટે કામધેનું છે. કારણ કે ગામડાનાં ખેડૂતો તેમને પરવળે એવી દેશી ઓલાદોનું પાલન-પોષણ કરે છે. દેશી ગાય કદમાં નાની હોય છે. વર્ષમાં એક વખત વિયાણ કરે છે. તેમાં વાછરડાં-વાછરડી જેવાં બચ્ચાનો જન્મ આપે છે. તેનું પાલન પોષણ કરી મોટું કરે છે. વાછરડો ખેતી માટે ઉપયોગી છે. વાછરડી મોટી થઈ ગાયનાં રુપમાં આગળ વંશવેલો વધારે છે. ગાયને સમાજમાં માતા તરીકે પણ માને છે. ગાયનાં દૂધનો ઉપયોગ ઘરે ખાવા માટે કરે છે. અને તહેવાર-પ્રસંગે દૂધનો ઉપયોગ પ્રસંગોપાત કરવામાં આવે છે. પૂજા વિધિ વગેરે કરવામાં આવે છે. ગાયનું દૂધ પાચન ક્રિયા ઉતમ છે. દૂધ, દહીં, ઘી, છાશ વગેરે વસ્તુઓ ખાવામાં માટે ઉપયોગ થાય છે.



ગાયનો મુખ્ય ખોરાકઃ મકાઈનાં રાડા, જુવારની રાળ, તુવેરનું ગોતુ, દેશી ઘાસ, ડાંગરની પરાળ, બાટું વગેરે ચરાવવામાં ઉપયોગ કરે છે. મોટાભાગે ચોમાસાની ઋતુમાં આજુબાજુ ડુંગરો, જંગલ, ગૌચર જમીન, સપાટ જમીનમાં ઘાસ ઉગી નીકળે છે. ત્યારે ગામડાનાં પશુ-પાલકો ઘાસ ચરાવવા માટે પશુઓને લઈ જાય છે. તેથી ખેડૂત ગાય પાળવુ પરવડે છે. ગાયના બચ્ચાને વાછરડું (વાછડું) કહે છે. સમાજમાં ગાયનું મહત્વ વધારે જોવા મળે છે.

(૨) ભેંસ

આપણા ગામડામાં ખેડૂતો ઓછી જમીન ધરાવતાં હોવાથી ખેડૂત પરિવારમાં ભેંસોનું પાલન પોષણ કરે છે. ગામડાનાં મોટાં ભાગે ખેડૂતો દેશી ભેંસનું પાલનપોષણ અને કદમાં નાની મોટી ભેંસ જોવા મળે છે. ગામડાનાં ખેડૂતો મોટાભાગે વરસાદ આધારિત ખેતી કરે છે. ભેંસ વર્ષમાં એક વખત વિયાણ કરે છે. તેમાં પાડો-પાડી જેવાં બચ્ચાનો જન્મ આપે છે. ભેંસના બચ્ચાને પાડું સાથે ભેંસનાં દૂધ બચ્ચાને ખવડાવવા માટે તેમજ પરિવારમાં દૂધ, દહીં, ઘી, છાશ વગેરે ખાવામાં ઉપયોગ કરે છે. વાર-તહેવાર વિવિધ વાનગી બનાવી ખાય છે. વાર-તહેવારે તેની પૂજા-વિધિ કરવામાં આવે છે. છાશ એક બીજા પરિવારમાં આપે છે. ખાવામાં ભાત, રોટલાં, રાબડી, મકાઈનું ભેડકું વગેરે વસ્તુઓનો ઉપયોગ થાય છે. ભેંસનો ખોરાક-મકાઈના રાડા, જુવાર, ડાંગરની પરાળ, દેશીઘાસ, બાટું, બીજા અનેક જાતના ચારાનો ઉપયોગ થાય છે.



ખેડૂત માટે ભેંસ પાળવું એ ખૂબ મહત્વનું બની જાય છે.

(૩) બકરી



ગામડાઓમાં બકરી પાળવામાં આવે છે. બકરી પાળવાથી એમની આર્થિક પરિસ્થિતિમાં મદદરુપ થાય છે. બકરી પાલો ખાય છે. બકરી વર્ષમાં એક-બે વખત વિયાણ કરે છે. એક-બે બચ્ચાને જન્મ આપે છે. બકરીના બચ્ચાને લવારું (ગીદલું) કહે છે. મોટાં થતાં પરિવાર વેચીને રોજગારી મેળવે છે. બકરીનું દૂધ ખૂબજ મહત્વ હોય છે. પીઠોરા, કુવારિયો, દેવ-દેવી, ગામદેવ, સીમાડા દેવની કે બધામાં ધાર્મિક વિધિમાં બકરીનાં દૂધનો ઉપયોગ થાય છે. બકરી-બકરાંનું નજીકનાં હાટ-બજારમાં વેચાણ કરે છે. બકરીનાં ચામડામાંથી ઢોલ,-માંદળ, રામઢોલ, ઢોલક, તબલા વગેરે વાજિંત્રોમાં ચામડાનો ઉપયોગ થાય છે.

(૪) મરઘી



આદિવાસી સમાજમાં પણ મરઘીનું પાલન-પોષણ કરે છે. મરઘી ઈંડા મૂકે છે. તેના બચ્ચાને પીલું (પીચું) ગામડાઓમાં માનતા-બાધા, દેવ-દેવી, ગામદેવ, સીમાડા દેવ વગેરેમાં તેનો ઉપયોગ થાય છે. આર્થિક પરિસ્થિતિ મદદરુપ થાય છે. અને હાટબજારમાં તેનું વેચાણ થાય છે. ખડૂત માટે ઉપયોગી બને છે.

(૫) રીંછ

રીંછ એ જંગલી પ્રાણી છે. રીંછ મોટાંભાગે જંગલો, ડુંગરો, પહાડોમાં તેમની રહેવાની ગુફામાં રહે છે. રીંછનો રંગ કાળો હોય છે. રીંછનાં પગના પંજામાં નખ લાંબા

હોય છે. તેથી તે ઝાડ પર સારી રીતે ચડી જાય છે. રીંછનો ખોરાક મધ, મંકોડા, બોર, જાંબુ વગેરે ખાય છે. પહાડી વિસ્તારમાં રીંછથી લોકો ખૂબ ડરે છે. રીંછ એક હિંસક પ્રાણી છે. ખોરાકની શોધમાં હોય ત્યારે તે હુમલો કરી શકે છે. આજુબાજુ જંગલોમાં જોવા મળે છે.



(૬) જરખ



આજુબાજુના જંગલોમાં સીમામાં જરખ જોવા મળે છે. જરખનાં શરીર પર સફેદ કાળા પટ્ટા જોવા મળે છે. તેના કાન ઉભા હોય છે. તે લંગડાતું લંગડાતુ ચાલે છે. જરખનો ખોરાક સીમમાં કે ડુંગરોમાં મૃત્યુ પામેલાં પ્રાણીઓનાં હાડકાં ખાય છે. જીવતાં પ્રાણીઓ શિકાર કરતું નથી. જરખ જંગલી પ્રાણી છે. જરખને સફાઈ કામદાર તરીકે ઓળખાય છે.

(૭) ચંદન-ગો

ચંદન-ગો જયારે ચોમાસાની ઋતુની શરુઆત થાય છે ત્યારે જંગલનાં મહૂડા, તાડ, ઘરની દીવાલ પર ચંદન-ગો જોવા મળે છે. ચંદન-ગો કદમાં નાનું હોય છે. ચંદન-ગોનો ખોરાક નાના-મોટા જીવજંતુઓ ખાય છે.



(૮) દાદીમાની વાત

ઘણાં સમય પહેલાની વાત છે એક ગામમાં દાદી અને દીકરો રહેતાં હતા. રાત્રે સુતી વખતે દાદીમાંએ એક સરસ મજાની વાર્તા કહી. આપણી આજુબાજુ ઘણા દિકરાને બંધા જંગલ આવેલા છે. ત્યાં ઘણાં બધાં વૃક્ષો, પશુ-પક્ષીઓ જીવજંતુઓ અને ખળખળ વહેતાં ઝરણાં હોય છે. તેમાંથી એક જંગલ એવું હતું કે એ જંગલમાં ગયેલો માણસ પાછો આવતો નહોતો. એ રહસ્યમય રીતે ગુમ થઈ જતો હતો. લોકો એ જંગલમાં જતા ખૂબ બીક લાગતી હતી. તેવી વાત દિકરાને કહી વાત તો પુરી થઈ ગઈ. પણ દિકરાને જંગલમાં રહસ્યમય રીતે ગુમ થતા માણસો વિશે સતત વિચારતો હતો સમય પસાર થયો દીકરો મોટો થયો.

એક દિવસ જંગલમાં દીકરો કુહાડી લઈને ગયો. જંગલમાં અડધે સુધી ગયો અને અચાનક કુસુમના ઝાડ પર નજર પડી. કુસુમનાં ઝાડ પર ઘણાં બધાં ફળો લાગેલા હતા. આ જોઈને તેને ફળ તોડવાની કોશિશ કરી. ફળ ઊંચા હોવાથી કુહાડીથી ડાળી નમાવીને ફળ ખાધાં. પછી કુસુમના વૃક્ષની સુકાયેલી ડાળને જોઈને કાપવા લાગ્યો. કુહાડીના ઘા નો અવાજ પ્રાણીઓને સંભળાયો. પ્રાણી વિચારવા લાગ્યા કે અમારા જેવો અવાજ કોનો છે?

એમ સમજી જંગલમાં અવાજની દિશા તરફ જવા લાગ્યો અને ચાલતાં ચાલતાં જે દીકરો ડાળ કાપતો હતો ત્યાં પહોંચી ગયા. દીકરો હિંસક પ્રાણીઓને જોઈને ગભરાઈ ગયોપણ અચાનક એની દાદીમાની વાર્તા યાદ આવી ગઈ અને કુહાડી હાથમાં લઈને જમીન પર સૂઈ ગયો. સૌ પ્રથમ વાંદરાભાઈ માણસ મરેલો છે કે જીવતો છે તે જોવા માટે ગભરાતો ગભરાતો આવ્યો. સૂઈ ગયેલા માણસને બુસટ ખેંચીને ભાગ્યો માણસનું હલનચલન થયું નહિ. તેથી વાંદરાભાઈએ સીધા ઝાડ પર જઈને બેસી ગયાં. પછી રીંછભાઈએ ચિતા



ભાઈને મોકલ્યો. ચિતાભાઈ જઈને માણસને પંજાથી ટપલી મારવા લાગ્યો પણ માણસનું હલનચલન ન થતાં તે પણ દોડીને ઝાડ પર ચડી ગયો. પછી રીંછ બાઈએ જાતે જવાનો નિર્ણય લીધો. સુતેલા માણસનું મોઢું સૂંઘવા લાગ્યો. ત્યારે સુતેલા માણસે થોડીવાર શ્વાસને રોકી લીધો. તેથી રીંછભાઈએ પણ માણસનું કઈ હલનચલન ન થતાં જતું રહ્યું. ત્યારે સૂતેલા માણસને હાશકારો થયો. જીવ બચી ગયો અને ઉભો થઈને ઝડપથી દોડતો-દોડતો પોતાના ઘરે પહોંચી ગયો.

નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

(૧) બે પાલતું પ્રાણીનાં નામ લખો.

....

....

(૨) બે જંગલી પ્રાણીઓનાં નામ લખો.

....

....

(૩) વાંછરડું કયા પ્રાણીનું બચ્ચું છે?

....

....

(૪) વાર્તામાં દાદીમાએ કયા વૃક્ષની વાત કરી છે?

....

....

(૫) કયુ પ્રાણી લંગડાતું ચાલે છે?

....

....

જોડકાં જોડો.

અ	બ
(૧) વાછરડું	(૧) ભેંસ
(૨) મીંદડુ	(૨) બકરી
(૩) પાડું	(૩) ગાય
(૪) લવારું	(૪) મરઘી
(૫) પીલું	(૫) બિલાડી

૬ તહેવાર

આદિવાસી વિસ્તારમાં તહેવાર માત્ર ઉજવણીનો પ્રસંગ નથી પરતું તે તેમની સંસ્કૃતિ પરંપરગત પ્રકૃતિ પ્રત્યેનો આધાર અને સામૂહિક જીવનનું પ્રતિક છે. તહેવારોનો પ્રકૃતિ સાથેનો અતૂટ સંબધ દર્શાવે છે. આદિવાસી સમાજમાં તહેવારો એ આનંદ પરંપરા પ્રકૃતિ પ્રત્યેનો આધાર અને સૌ સાથે મળીને જીવન જીવવાનો અવસર છે.

રાઠવા સમાજમાં તહેવારો કોઈપણ ઋતુમાં આવે ત્યારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.

(૧) ચોમાસુઃ

(૧) નોંદરવો દેવઃ

પહેલો વરસાદ પડતા જે નાનું ઘાસ નીકળે છે. તે ઘાસ નીકળવાનું તૈયાર થાય છે. તે બધાં પ્રાણીઓ જેમ કે બકરી, ગાય, ભેંસ વગેરે ખાશે. તેની યાદમાં બધાના ઘરે સાંજે ઢેબરાં વગેરે વાનગી બનાવી નોંદરવા દેવને કહે છે. આ ઘાસ સારી રીતે મોટું થાય અને બધા પ્રાણીઓ ને પેટ ભરીને ખાવા મળે એવી પ્રાર્થના કરે છે.



સમયજતા આમા થોડો બદલાવ આવ્યો કે ખેતરમાં વાવણી કરી છે. તેના થી નિંદામણ પણ નીકળે શકે આ નિંદામણ ને કાઢવામાં ન આવે તો અનાજ મોટુ ન થાય અને પાકી ન શકે જેથી નિંદામણ દૂર કરવામાં આવે છે. આમા જીવજંતુઓને નુકશાન થાય એટલે દેવને આરાધના કરી જગાડે છે.

(૨) દિવાસોઃ



નોંદરવા દેવની ઉજવણી પછી એક મહિનો થાય ત્યારે દિવાસો મનાવવામાં આવે છે. આ તહેવાર જુદા જુદા દિવસે અલગ અલગ ગામમાં ઉજવણી કરવામાં આવે છે.
જે ખેતરમાં વાવણી કરીએ તે સારી રીતે ઊગી નીકળે અને તેના ફળ-ફૂલ આવે તે મોટું થાય એવી રીતે દેવને પૂજન કરે છે.
દિવાસાના દિવસે ડુંગરદેવ અને વાઘદેવને બોલીને કહે છે કે, અમારા ખેતરમાં પશુઓ નુકશાન ન કરે એની દેખરેખ રાખજો.

આ તહેવારમાં સગા-સંબંધીઓ બધાને બોલાવવામાં આવે છે. સાંજે ઢેબરાં ઘંઉના પૂડાં વગેરે બનાવીને ખાય છે. પછી રાત્રે તૈયાર થઈને વાજિંત્રો વગાડી ગીત ગાયને ગામના લોકો ભેગા થઈને ગરબા રમે છે.
આ દિવસથી પીહો વગાડવાનું ચાલુ કરે છે.

આ દિવસે મહૂડાની ડોળીનું તેલ પૂજન કરી ખાવામાં આવે છે. નવા કાઢેલા તેલમાં ઢેબરાં બનાવવામાં આવે છે.

મહૂડાના ડોળીનું તેલમાં નવું કાઢેલું હોવાથી તેમાં ઢેબરાં બનાવે છે.
બીજા દિવસે બીજા ગામના સગા-સંબંધીઓને બધાને ટોપલીમાં ઢેબરાં બાંધી આપે છે.
આવી રીતે દિવાસાની ઉજવણી કરવામાં આવે છે.

ઉજાણી-દિવાસાનું ગીતઃ

સુંદરી ચાયલી છેલ્લી બજારે કે મણ મુંળાં વેચવા રે લોલ...

વેચી કરીને પાછાં વયરાં કે ઝટ છેડા ઝાલીયો રે લોલ...

છોડ છોડ કાનુડા મારો છેડો કે ઘેર બાપો ઝૂમસે રે લોલ

તારા બાપાને ઘોડીલે બેસાડી દઉ, નહીં છોડું છેડલો રે લોલ

છોડ-છોડ કાનુડા મારો છેડો કે ઘેર માડી ઝૂમસે રે લોલ

તારી માડીને ચુડીલો પેરાવી દમ કે, નહીં છોડુ છેડલો રે લોલ...

છોડ-છોડ કાનુડા મારો છેડો કે ઘેર ભાયો ઝૂમસે રે લોલ

તારા ભાયાને ઘોડીલાં લઈ આલુ કે ઝબ છેડો છોડીયો રે લોલ

સુંદરી ચાયલી છેલ્લી બજારે રે મણ મુંડા વેચવા રે લોલ



હોળીઃ

હોળીનો ડાંડ રોપાય જાય છે. પછી એક મહિના સુધી ગીતો તેમજ નાચવાનું ચાલુ થઈ જાય છે. ખરીદી હાટ કરવા માટે બજારમાં છે. ખરીદી કરીને આવે. હોળીને પ્રગટાવામાં આવે હોળી ખજૂર, કોપરા, જુવારની ધાણી, નાળિયેર હોળી માતાને મનાવવામાં આવે છે. હોળી સળગાવવા માટે ગામના લોકો ભેગા થઈ ઢોલ, શરણાઈ વગાડી કૂદતા કૂદતા જાય છે. ત્યા જઈને હોળી પ્રગટાવે છે. અને આજુબાજુ ગોળ-ગોળ ફરતા જાય અને હોળીમાં ખજૂર, કોપરું, જુવારની ધાણી, નારિયેળ હોળમાં અંદર નાખવામાં આવે છે.

હોળી સળગાવે ત્યારે જે વ્યકિત ઉપવાસ (ખાવાનું નથી ખાતા) કરે છે તે સાંજે હોળી પ્રગટાવીને ઘરે આવ્યા પછી ઉપવાસ છોડે છે. હોળી સળગાવે લાકડાના કોલસા હોયએ અંગારા પર જે ઉપવાસ કરેલા વ્યકિતઓ ચાલે છે. આ પરંપરા અહી વર્ષોથી ચાલી રહેલ છે. હોળી પત્યા પછી ચૂલની રીત કરવામાં આવે છે.



ચૂલની રીતઃ

હોળી સળગાવ્યા પછી બીજા કે ત્રીજા દિવસે જે લોકો ઉપવાસ કરે તે આ નારા પર ખુલ્લા પગે હાથમાં તલવાર, પાળિયુ ખભા પર રાખીને ચૂલ ઊતરવામાં આવે છે.



નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.

(૧) ઉજાણીના આગળના દિવસે ..... દેવને પૂજા કરવામાં આવે છે.

(૨) તહેવારમાં ..... વાનગી બનાવવામાં આવે છે.

(૩) હોળી ..... મહિનામાં આવે છે.

(૪) હોળીના બીજા દિવસે..... મેળો ભરાય છે.

૭ કારીગર

કારીગર એટલે જે પોતાના હાથની કળાથી વસ્તુ સુંદર બનાવે તેને કારીગર કહેવાય. દરેક કારીગરો અલગ અલગ વસ્તુઓમાંથી વસ્તુઓ બનાવે છે.

રાઠવા સમાજમાં કેટલાક વ્યકિતઓ કલા-કારીગરી સાથે જોડાયેલા છે. જેમ કે સુથાર, કડિયા, શિલ્પકાર, હરિજન, કુંભાર, વણકર, લખારા ચિત્રકાર વગેરે. કારીગરો અહિના વિસ્તારમાં કામ કરી રહ્યાં છે. અહીના આદિવાસી વિસ્તારમાં પિઠોરા ચિત્રો પ્રખ્યાત છે.

સુથારઃ ખાટલો, બારી-બારણા, પાટલી, ચોખટું, સામેલું, વેલણ પાટલી, દેવના ઘોડા,
કડિયોઃ ચણતરનું કામ કરે છે. મકાન બનાવવું. કૂવાનું ચણતર વગેરે બનાવે છે.
મોતીકામઃ મોતીની માળા, તોરણ બનાવવા.
મૂર્તિકામઃ લાકડામાંથી મૂર્તિ માણસ બાળકોની બનાવે છે.
શિલ્પકારઃ પથ્થરની કુંભી, ખલ, કાંડનીયું.
વાંસકામઃ હરિજન સૂપડું, શીકુ, છાબડી, ટોપલા, ટોપલી, ખપેડો, વીંજણો, કંડિયો, સાદડી વગેરે બનાવે છે.
ભરતગૂંથણઃ કબજા (બ્લાઉઝ) રુમાલ પર ફૂલબનાવતા હતાં.
વણાટકામઃ દોરી વણી, ખાટલો ભરવો.
દરજીઃ બહેનો માટે કપડાઃ કબજો (બ્લાઉઝ) ઓઢણી, ઘાઘરો, લુગડું.
ભાઈઓ માટે પાઘડી, બુશર્ટ (શર્ટ) ધોતિયું, ફૂલવાળા રુમાલ, કહડો.

દરેક કારીગરનું અલગ અલગ કાર્ય હોય છે.
સુથાર- લાકડાનું કામ કરે છે.

કડિયો-ઈંટ સિમેન્ટનું કામ કરે છે.
હરિજન- વાંસનુ કામ કરે છે.
કુંભાર- માટીનું કામ કરે છે.
શિલ્પકાર- પથ્થરનું કામ કામ કરે છે.
વણકર- કાપડ વણવાનું કામ કરે છે.
દરજી- કાપડ સિવાનું કામ કરે છે.
રંગારા- દીવાલે રંગે છે.
લખારા- દીવાલ પર પિઠોરા દેવનું ચિત્રનું કામ કરે છે.
ચિત્રકામ- કાગળ પર ચિત્ર દોરે છે.
હાદી (વૈદ)- વનસ્પતિમાંથી દવા બનાવે છે.

મને ઓળખો:

(૧) હું પિઠોરા ચિત્ર બનાવું છું .....

(૨) હું કપડાં સીવું છું. .....

(૩) હું વનસ્પતિમાંથી દવા બનાવું છું. .....

(૪) હું ઘરનું ચણતર કરું છું. .....

(૫) લાકડાંમાંથી ખાટલો બનાવું છું. .....

આપેલ કારીગર વિશે લખો.

કુંભારઃ .....

.....

.....

લખારાઃ .....

.....

.....

ચિત્રકારઃ .....

.....

.....

વૈદઃ .....

.....

.....

કારીગરોના ચિત્રો.



વણાટ



કુંભાર



સુથાર



કડીયો

૮ પર્યાવરણનું મહત્વ

આદિવાસી સમાજનાં લોકોનું જીવન પર્યાવરણ સાથે જન્મથી જોડાયેલું છે. આદિવાસીના અસ્તિત્વ આરોગ્ય અને વિકાસ માટે પાયાનો આધાર છે. હવા, પાણી, ખોરાક સીધા જ પર્યાવરણમાંથી મળે છે. તે ઉપરાંત આર્થિક ઉપાર્જન માટે આજીવિકા પણ મેળવે છે. જળ, જમીન જંગલને સાચવી પણ રાખે છે.



પર્યાવરણમાં નદી, કોતર, ડુંગર, તળાવ, જંગલ, પશુ-પક્ષી, જીવજંતુ જોવા મળે છે. જે માનવ જીવન સાથે સંકળાયેલું છે. ઋતુઓ આધારિત વનસ્પતિનાં કંદમૂળ, ફળ, ફૂલ, વેલા પાનનો ઉપયોગ કરવાં આવે છે. વર્ષાઋતુમાં દરેક વનસ્પતિ ખીલી ઊઠે અને વરસાદ આધારિત ખેતી કરવામાં આવે છે. અનાજમાં ડાંગર, મકાઈ, જુવાર, બાજરી, કોદરા, કોદરી, સામેલ, નાગલી.



કંદમૂળમાઃ સૂરણ, જંગલી કાંદા, ડુંગળી, બટાકા, ગાજર, મૂળા, શક્કરીયા, બીટ ઉપયોગ કરવામાં આવે છે.

કઠોળમાં- તુવેર, વાલ, વટાણા, મગ, ચણા, સોયાબીન, ચોળી, અડદ વગેરે.

ભાજી- બડકની ભાજી, ઝરખલાની ભાજી, ડુંગરીની ભાજી, ફોંગની ભાજી, ફસેટીની ભાજી, પુવાડીયાની ભાજી, ભીંડીની ભાજી, કોલીયારની ભાજી, સરગવાની ભાજી, આમલીનો મોરની ભાજી, લુણીની ભાજી, મેથીની ભાજી, પાલકની ભાજી.

શાકભાજી- ફલાવર, રીંગણ, ટામેટા, ભીંડા, ગલકા, કંકોળા, દૂધી, પરવળ, ગવાર, કોબીજ, તૂરીયાં, કારેલા, ટીંડોળા વગેરે.





ઓષધીય ઉપયોગઃ

પર્યાવરણમાંથી જોવા મળતી વનસ્પતિનો ઉપયોગ દવા તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે.

તુલસી – શરદી-ખાંસી માટે ઉપયોગ થાય છે.

કુવારપાઠું – દાઝી ગયેલા ભાગ પર લગાવવા માટે ઉપયોગ થાય છે.

લીમડો – ચામડીના રોગ દૂર થાય છે.

અરડુસી – ખાંસી માટે ઉપયોગ થાય છે.

મહુડો – સાંધાનો દુઃખાવો થાય ત્યારે તેના તેલ ઉપયોગ કરવામાં આવે છે.

ઔષધીના છોડના ચિત્રો



મહુડો



અરડુસી



લીમડો



તુલસી

કુવારપાઠું

વનસ્પતિના અન્ય ઉપયોગ

ખાખરાના પાનમાંથી બાજ (પતરાડા)-પડિયા બનાવવામાં આવે છે. તે ઉપરાંત બાવળ, ગૂંગળ, ખેરમાંથી ગુંદર મળે છે. અને સાગ, મહુડો, સીસમમાંથી ઘરવખરીના સાધનો બનાવવામાં આવે છે.



નીચે આપેલ **પ્રશ્નો**ના જવાબ લખો.

(૧) આદિવાસી સમાજના લોકોનું જીવન કોની સાથે જોડાયેલુ છે?

.....

.....

(૨) પર્યાવરણમાંથી આપણને શું શું મળે છે?

.....

.....

(૩) વનસ્પતિના ભાગોના નામ લખો.

.....

.....

(૪) ભાજીના નામ લખો.

.....

.....

(૫) ઔષધીય વનસ્પતિના નામ લખો.

.....

.....

નીચે આપેલાં જોડકાં જોડો.

અ	બ
(૧) લીમડો	(૧) ખાંસી માટે ઉપયોગ
(૨) તુલસી	(૨) સાંધાના દુઃખાવો
(૩) કુંવાર પાઠું	(૩) દાઝેલા ભાગ પર લગાવો
(૪) મહુડો	(૪) શરદી માટે
(૫) અરડુસી	(૫) ચામડીના રોગ માટે

છોડના વિવિધ ભાગોના નામ લખો.



.....

.....

.....

.....

.....

.....

૯ પૃથ્વી અને આકાશ

જીવસૃષ્ટિનો આધાર પૃથ્વી અને આકાશ છે. આપણે પૃથ્વી પર રહીએ છીએ ત્યારે પૃથ્વી પર અને આકાશમાં ઘણું બધુ જોવા મળે છે.

બ્રહ્માડ (સૂર્યમંડળ)

પૃથ્વી એટલે આપણુ ઘર આપણે જે જોઈ શકીએ, વાપરી શકીએ, પકડી શકીએ તે બધું પૃથ્વી પર જ છે. પૃથ્વી પર ડુંગર, જંગલ, મેદાન, રણ, દરિયો, નદી, તળાવ, કોતર, ખેતર, માણસ, પક્ષી, પ્રાણી, જીવજંતુ, વૃક્ષો, હવા વગેરે આવેલ છે. જેના પર સજીવ સૃષ્ટિ પૃથ્વી પોતાની ધરી પર ફરે છે નિર્ભર છે. સૂર્ય આપણને પ્રકાશ આપે છે. દિવસ રાત થાય છે પૃથ્વીનો આકાર ગોળ દડા જેવો છે.



આકાશ

આપણે ઉપરની તરફ જોઈએ તેને આકાશ કહેવાય છે. આકાશમાં તારાઓ, ગ્રહો, વાદળા, ચાંદો જોવા મળે છે. દિવસે સૂરજ જોવા મળે છે. ક્યારેક ચોમાસાની ઋતુમાં મેઘધનુષ્ય જોવા મળે છે. રાત્રે આકાશમાં ચાંદો, તારાઓ, ગ્રહો જોવા મળે છે. સૂર્યનાં કારણે પૃથ્વી પર રાત-દિવસ થાય છે. દિવસે આકાશ ભૂરું દેખાય છે.







રમત રમાડવી

આકાશ પાતાળ, પૃથ્વી

(૧) બાળકોને લાઈનમાં ઉભા રાખવા.

(૨) એક બાળક આકાશ, પાતાળ, પૃથ્વી

(૩) આકાશ બોલે ત્યારે બમને હાથ ઉપર કરવા હાથ મુકવા.

(૪) પૃથ્વી બોલે ત્યારે બંને હાથ કમર ઉપર મુકવા.

નોંધઃ બોલનાર બાળક આકાશ બોલે કમર ઉપર હાથ મૂકવા અને પાતાળ બોલે ત્યારે ઉપર હાથ રાખવા. જેથી રમનાર બાળક શબ્દોને ધ્યાન રાખી રમત રમવી નહિ કે અભિનય કરનાર બાળક આવી રીતેથી રમત રમાડી શકાય.

નીચેના આપેલા **પ્રશ્નો**ના જવાબ લખો.

(૧) રાત્રે આકાશમાં શું શું દેખાય છે?

.....

.....

(૨) મેઘધનુષ્ય કઈ ઋતુમાં જોવા મળે છે?

.....

.....

(૩) પૃથ્વી પર શું શું જોવા મળે છે?

.....

.....

(૪) દિવસ-રાત કેમ થાય છે?

.....

.....

ખાલી જગ્યા પૂરો.

(૧) પૃથ્વીનો આકાર..... જેવો હોય છે. (ગોળ, ચોરસ, ત્રિકોણ)

(૨) રાત્રે આકાશમાં ..... દેખાય છે. (સૂર્ય, ચંદ્ર, મેઘધનુષ્ય)

(૩) સૂર્ય આપણને ..... આપે છે. (હવા, પાણી, પ્રકાશ)

(૪) દિવસે આકાશ ..... રંગનું દેખાય છે. (પીળા, બૂરા, કાળા)

સૂર્યનું ચિત્ર દોરી રંગ પૂરો.





ભાષા સંશોધન અને પ્રકાશન કેન્દ્ર
વડોદરા, ગુજરાત